सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૧-૧૨-૨૦૨૪ | | |
| રજીસ્ટરે લીધા તારીખ | ૧૧-૧૨-૨૦૨૪ | | |
| ફેંસલ તારીખ | ૧૨-૦૩-૨૦૨૬ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૧ | ૦૩ | ૦૧ |

**પલસાણાના મહે. પ્રિન્સિપાલ સિવિલ જજ તથા જ્યુડિશિયલ મૅજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં...**

| | |
|---|---|
| ક્રિમી. કેસ નંબર | **૩૩૯૯-૨૦૨૪** |
| આંક- | |

| | |
|---|---|
| <u>ફરિયાદી:</u> | **વાસુ મનિષભાઇ કાકડીયા તે VASU INNOVATION ભાગીદાર તથા ઓથોરાઇઝન પર્સન (૨) કપિલભાઇ જીવલભાઇ પવાર તે VASU INNOVATION ના પેઢીના વહીવટદાર/ ઓથોરાઇઝન પર્સન**<br>રહે.ગ્રાઉન્ડ ફલોર, પ્લોટ નં. ૪૩-૪૪, છત્રલપાર્ક, હરીપુરા, પલસાણા, સુરત, ગુજરાત-૩૯૪૩૩૫ |

વિરૂદ્ધ

| | |
|---|---|
| <u>આરોપી:</u> | **(૧) પ્રભાકર હરેકિષ્ના નાયકપ્રો. પ્રતિભા સિલ્ક મિલ્સ**<br>રહે- શોપ નં. એલ.જી.૧૦૩, કોહીનુર ટેકક્ષ માકેટ, રીગ રોડ, સલાબતપુરા, સુરત. |

| | |
|---|---|
| <u>બાબત:</u> | **ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ મુજબ.** |

| | |
|---|---|
| ફરિયાદી તરફે વિ. વ. શ્રી | પી.ડી.માંગુકીયા |
| આરોપી તરફે વિ.વ. શ્રી | ડી.પી.જોગાણી |

**-જ જ મે ન્ટ -**

**(૧)** ફરિયાદીની ફરિયાદની ટૂંકમાં હકીકત એવી છે કે, ફરીયાદીએ ફરીયાદ ઉપરોકત હેસીયતથી કરી છે. ફરીયાદી ઉપરોકત પેઢીના રોજના વહેવાર તેમજ સંચાલનથી સારી રીતે માહિતગાર છે ફરીયાદી પેઢી રજીસ્ટ્રર ઓફ ફર્મમાં રજીસ્ટ્રર થયેલી છે. ફરીયાદીની પેઢીએ આરોપી સામે કેસ કરવા ઓથોરીટી લેટર આપેલ છે.ફરીયાદીની ઉપરોકત નામે કાપડ તથા રો મટીરીયલ્સમાં વેચાણ કરવાનું કામકાજ કરે છે. ફરીયાદી સદર પેઢીના ઓથોરાઇઝન પર્સન થતા હોય જેથી હાલની ફરીયાદ કરેલ છે. આરોપી પણ ઉપરોકત નામે કાપડ તથા રો મટીરીયલ્સ વેચાણનું કામ કરતા આવેલા. આરોપી તથા ફરીયાદી એક જ ધંધા સાથે સંકળાયેલા હોય તેઓની વચ્ચે ધંધાકીય સંબધો ચાલી આવેલ છે, આ સંબધના નાતે આરોપીએ તેમની પાસેથી તા.નીચે મુજબના કોષ્ટકના વિગત મુજબ કાપડ આરોપીને આપેલ.જે માલ આરોપીના કહેવા મુજબ ઉપરોકત સરનામે ટેમ્પા ધ્વારા મોકલી આપેલ છે, જે માલ આરોપીએ તપાસી સ્વીકારી લીધેલ છે. જે માલના નાણા આરોપી માર્કેટના નિયમ મુજબ ચુકવી આપવા વિશ્વાસ ભરોષો અને ખાત્રી આપેલ, જે કાપડ તથા રો મટીરીયલ્સની વિગતે નીચે મુજબ છે.

| **ક્મ** | **બિલ** | **તારીખ** | **રકમ** |
|---|---|---|---|
| 1 | 237 | 21/03/2024 | 42,287 |
| 2 | 1 | 01/04/2024 | 19,731 |
| 3 | 210 | 27/02/2024 | 84,152 |
| | | **TOTAL** | **1,46,170/-** |

ફરીયાદીને આરોપી પાસે કાયદેસના લેવાના થતાં ઉપર કોષ્ટક વિગતોના બીલોના પેમેન્ટ પેટે માર્કેટના રીત રીવાજ મુજબ આરોપી પાસે માંગણી કરતાં આરોપીએ અલગ અલગ બહાનાઓ

બનાવી સમય પસાર કરતાં આવેલ અને છેલ્લે આરોપીએ ઉપરોકત બીલનો પેમેન્ટની ચુકવણી અર્થે આરોપીએ તેમની બેંક IDBI Bank Ground Floor, 21 st Century Bldg, Ring Rd Branch Surat ના આરોપીના એકાઉન્ટ નં. 0146102000138659 નીચે મુજબની વિગતોવાળો ચેકો સહી કરી ફરીયાદીને રૂબરૂમાં આપેલ.

| **કમ** | **ચેક નંબર** | **તારીખ** | **રકમ રૂા.** | **રીર્ટન તા.** | **રીઝન** |
|---|---|---|---|---|---|
| ૧ | ૪૭૨૯૫૯ | ૦૩/૧૦/૨૦૨૪ | ૪૨,૨૮૭ | ૦૪/૧૦/૨૦૨૪ | Insufficient Funds |
| ૨ | ૪૭૨૯૬૦ | ૦૭/૧૦/૨૦૨૪ | ૮૪,૧૫૨ | ૦૯/૧૦/૨૦૨૪ | Insufficient Funds |
| ૩ | ૪૭૨૯૬૨ | ૦૭/૧૦/૨૦૨૪ | ૧૯,૭૩૧ | ૦૯/૧૦/૨૦૨૪ | Insufficient Funds |
| | | **કુલ** | **૧,૪૬,૧૭૦/-** | | |

સદર ચેકો આપતાં સમયે આરોપીએ જણાવેલ કે,"સદરહુ ચેકો બેકમાં ઓનર થવા મોકલશો એટલે લેવાના થતાં કાયદેસના નાણા મળી જશે.આરોપીએ આપેલ વિશ્વાસ અને ભરોષા સાથે ફરીયાદીએ તેમની બેક icici bank kadodara branch, surat શાખામાં કલીયરીંગ અર્થે રજુ કરતાં ઉપરોકત ચેક અપુરતો ભંડોળ હોવાના કારણે "Funds Insufficient" ના શેરા સાથે તા.૦૪/૧૦/૨૦૨૪ તથા તા. ૦૯/૧૦/૨૦૨૪ ના રોજ વગર સ્વીકાર્ય રીર્ટન આવેલ.જે અસલ રીર્ટન મેમો આ સાથે રજુ છે. ફરીયાદીએ આ કામના આરોપીનો સંપર્ક કરતાં આરોપીએ તદન ઉડાઉ જવાબ આપેલ.જેથી સદરહુ ચેકો તા.૦૯/૧૦/૨૦૨૪ નાં રોજ પરત ફરતાં ૩૦ દિવસની સમય મર્યાદામાં આરોપીઓને વકીલ ધ્વારા લીગલ નોટીસ આરોપીઓએ પોતે સ્પીડ પોસ્ટથી ઇન્ડિયા ધ્વારા આ કામના આરોપીઓને નોટીસ મોકલવામાં આવેલી જે લીગલ નોટીસની પોસ્ટ ઇન્ડિયાની સ્પીડ પોસ્ટની અસલ રસીદ રજુ રાખેલ છે.

**(૧.૧)** આરોપીને તા.૨૩/૧૦/૨૦૨૪ ના રોજ તેના નામ, સરનામે નોટીસ મોકલી હતી જે નોટીસ આરોપીને તા. ૨૮/૧૦/૨૦૨૪ ના અરસામાં આરોપીની દુકાન બંધ હોવાથી ફરીયાદીના વકીલશ્રીના ઓફિસ પર પરત ફરેલ છે. આમ આરોપીને નોટીસ મળી ગયેલ હોવા છતાં, જે નોટીસનો આરોપીએ કોઇ જવાબ આપેલ નથી. તેમજ આરોપીએ આજદિન સુધી કાયદેસના લેવાના થતાં નાણાં ફરીયાદીને ચુકવેલ નથી. જેથી હાલની ફરીયાદ લીમીટેશનમાં, પ્રોપર જયુરીડીકશનમાં, પ્રાઇમા ફેસી કેસ સાથે કોઝ ઓફ એકશન સાથે ધી નેગોશિયેબલ ઇન્સ્ટુમેન્ટ એકટ-૧૩૮ ની વ્યાખ્યામાં જણાવ્યા મુજબ ફરીયાદવાળો ચેક આરોપીએ આપેલ ચેકની તારીખથી ત્રણ મહીનાની વેલીડીટીની સમય મર્યાદામાં બેકમાં રજુ કરવામાં આવેલ છે. ચેક રીર્ટન થતાં ૩૦ દિવસની સમય મર્યાદામાં આરોપીને લીગલ નોટીસ આપીને ચેકનાં નાણાં ભરપાઇ કરવાની તક આપવામાં આવેલી હતી તેમ છતાં આરોપીએ ફરીયાદીને નાણાં ચુકવી આપેલ નથી.તેથી અને ત્યારથી આ ફરીયાદનું કોઝ ઓફ એકશન ઉત્પન્ન થયેલ છે.

**(૨)** ફરિયાદીની ફરિયાદ ઉપરથી ફરિયાદ અંગેનું કોગ્નીજન્સ લઈને આરોપી વિરૂધ્ધ નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબનો સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવેલો. તે સમન્સની બજવણી થતાં આરોપીઓ નામદાર કોર્ટમાં હાજર થતાં બી.એન.એસ.એસ.નીકલમ- ૨૩૦ મુજબ કેસ પેપર્સની નકલો આરોપીને વિના મૂલ્યે આપવામાં આવેલી અને ગુના અંગે પૂછતાં આરોપીએ ગુન્હાનો ઈન્કાર આંક-૧૨ ના નિવેદનમાં કરેલો અને આખી ટ્રાયલ પૂરતો પુરાવો આપેલો હોઈ સમન્સ ટ્રાયબલ ચલાવવામાં આવેલ છે.જેથી ફરિયાદપક્ષનો પુરાવો નોંધવામાંઆવેલો.

**(૩)** ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક પુરાવા રજુ થયેલ છે.

**(૩-અ)** ***મૌખિક પુરાવાઓ***

| **ક્રમ** | **વિગત** | **આંક** |
|---|---|---|
| **૧** | ફરિયાદી વાસુ મનિષભાઇ કાકડીયાની સોગંદ ઉપર સરતપાસ | **૦૪** |

## (૩-બ) <u>દસ્તાવેજી પુરાવોઃ-</u>

ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

| **ક્રમ** | **વિગત** | **આંક** |
|---|---|---|
| **૧** | ફરીયાદનું જી.એસ.ટી. સર્ટીફીકેટ | **૧૪** |
| **૨** | ઓથોરીટી લેટર | **૧૫** |
| **૪** | Bill No.237 | **૧૬** |
| **૫** | Bill No. 1 | **૧૭** |
| **૬** | Bill No.210 | **૧૮** |
| **૭** | આરોપીએ આપેલ ચેક નં. ૪૭૨૯૫૯ | **૧૯** |
| **૮** | આરોપીએ આપેલ ચેક નં. ૪૭૨૯૫૯ નો રીર્ટન મેમો | **૨૦** |
| **૯** | આરોપીએ આપેલ ચેક નં. ૪૭૨૯૬૦ | **૨૧** |
| **૧૦** | આરોપીએ આપેલ ચેક નં. ૪૭૨૯૬૦ નો રીર્ટન મેમો | **૨૨** |
| **૧૧** | આરોપીએ આપેલ ચેક નં. ૪૭૨૯૬૨ | **૨૩** |
| **૧૨** | આરોપીએ આપેલ ચેક નં. ૪૭૨૯૬૨ નો રીર્ટન મેમો | **૨૪** |
| **૧૩** | ફરીયાદીના વિ.વ.શ્રી વકીલ ધ્વારા આરોપીને મોકલેલ નોટીસ | **૨૫** |
| **૧૪** | નોટીસ સ્પીડ પોસ્ટ કર્યાની રસીદ | **૨૬** |
| **૧૫** | નોટીસ બજી ગયાનું પોસ્ટનું ઓનલાઇન સ્ટેટસનું સર્ટીફીકેટ | **૨૭** |
| **૧૬** | પરત ફરેલ નોટીસનું કવર | **૨૮** |

ત્યારબાદ ફરિયાદી તરફે આંક-૨૯ થી કલોઝિંગ પુરસીસ રજૂ રાખી પોતાનો પુરાવો પુરો થયો હોવાનું જાહેર કરેલ છે. આરોપી દ્વારા બચાવમાં કોઇ પણ પ્રકારનો પુરાવો રજૂ કરવામાં આવેલ નથી.

**(૪)** આ કામે આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૩ મુજબનું વિશેષ નિવેદન લેવામાં આવેલ

નથી. આરોપી તથા તેમના વિ.વ.શ્રીનો પોકાર કરતાં તેઓ હાજર ન હોય બચાવપક્ષનો ઉલટતપાસનો હકક બંધ કરેલ છે.

**(૫)** ઉપરોક્ત હકીકતે નીચે મુજબના મુદ્દાઓ મારા નિર્ણય માટે ઉપસ્થિત થયેલા છે.

**- મુ દ્દા ઓ -**

૧. શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપીએ ફરિયાદીને કાયદેસરના લેણીની રકમ પેટે ફરિયાદમાં જણાવેલ વિગતનો **૪૭૨૯૫૯,૪૭૨૯૬૦,૪૭૨૯૬૨** નંબરનો ચેકો આપતા ફરિયાદીએ ફરિયાદમાં જણાવેલ વિગતે તેમની બેંકમાં ભરતા રિટર્ન મેમોમાં જણાવેલ કારણોસર સદરહુ ચેકો પરત ફરતા ફરિયાદીએ આરોપીને ફરિયાદમાં જણાવેલ વિગતે રજિ. પો.એ.ડી.થી નોટિસ આપેલ,જે નોટિસ બજવા છતા આરોપીએ લેણી રકમ ચૂકવી આપેલ નથી,અનેતે રીતે ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટ નીકલમ-૧૩૮મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

૨. શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદ્દાઓ અંગે મારા નિર્ણયો તથા કારણો નીચે મુજબ છે.

**-|| નિ ર્ણ યો || -**

(૧) હકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

**-|| મુદા નંબર ૧ બાબતે કારણો તથા પુરાવાઓનું મૂલ્યાંકન || -**

**(૭)** આ કામે ફરિયાદીએ આંક-૦૪થી પોતાનો પુરાવો રજૂ કરેલ છે. જેમાં તેઓએ આંક-૦૧ મુજબની હકીકતો દોહરાવેલ હોય તેની વધુ ચર્ચા કરવી જરૂરી જણાતી નથી.

પરંતુ નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૯ તથા ૧૧૮ મુજબ જયારે ચેક લખનારે કોઇ ચેક વટાવવા લખેલ હોય ત્યારે તે ચેક લખનારે કાયદેસરના લેણા પેટે લખેલ છે તેવું અનુમાન કરવાનું રહે છે અને આરોપીએ તે કાયદેસર લેણાં કે ચેક બાબતે પુરાવાથી અનુમાનથી વિરુદ્ધની હકીકત બાબતે ખંડન કરવાનું રહે છે. જેથી ફરિયાદીએ રજૂ રાખેલ પુરાવા અને ફરિયાદને ધ્યાને લેતાં આરોપીએ કાયદેસરના લેણાં પેટે ચેક આપેલાનું અનુમાન કરવામાં આવે છે. હવે ફરિયાદી કેસના અનુમાનને ખંડન કરવાની જવાબદારી આરોપીપક્ષ પર રહેલી છે. પરંતુ, હાલના કેસમાં બચાવપક્ષે આરોપીની પ્લી રેકર્ડ કરતા ગુનો કબૂલ ન હોવાનું અને કેસ આગળ ચલાવવાની રજૂઆત કરેલ હોય પરંતુ ફરિયાદીએ ખોટો કેસ કરેલ છે અને ચેકનો દુરુપયોગ કરેલ છે તે બાબતનું પણ કોઇ પુરાવા રેકર્ડ પર લાવેલ નથી કે ખંડન કરેલ નથી. આ સંદર્ભે રેકર્ડ ઉપરની હકીકતો જોતાં સી.આર.પી.સી. ૩૧૩ના નિવેદન/પ્લી માં આરોપીપક્ષે ઉપર મુજબની હકીકત જણાવેલ છે તે સત્ય છે પરંતુ આવી હકીકત જણાવવા માત્રથી કે તે અન્વયેનો બચાવ લેવા માત્રથી તે માની શકાય નહીં. આરોપીપક્ષે તેવા કથનોને પ્રીપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી થી ડીફેન્સ રજુ કરવા ના રહે છે. ફરિયાદીએ કેવી રીતે ચેકનો દુરુપયોગ કરેલ છે તેમજ ફરિયાદી પાસે આરોપીની સહી કરેલ ચેક કેવી રીતે આવેલ તે પણ બચાવપક્ષે પુરવાર કરેલ નથી. જેથી ચેકનો દુરુપયોગ કરી ખોટો કેસ કરેલાની હકીકત બિનતકરારી બને છે કે જે ચેક છે તે આરોપીએ જ આપેલો છે. તે સાથોસાથ પ્રસ્તુત કેસમાં તો, ચેક કોઈ અવેજ પેટે આપવામાં આવેલ નથી તેવી હકીકત પુરવાર કરવાની જવાબદારી આરોપી ઉપર છે. જે

જવાબદારીનું આરોપીપક્ષ રેકર્ડ આધારે જોતા વહન કરી શકેલા નથી, એટલે કે પોતાની આ તકરાર બાબતે ડીફેન્સ રજુ કરી શકેલા નથી. જેથી આ બચાવ ટકવાપાત્ર જણાતો નથી.

**(૮)** વધુમાં, નેગોશીયેબલ ઇન્સ્ટુમેન્ટ એકટ ની કલમ ૧૩૯ તથા ૧૧૮ મુજબ જયારે ચેક ધારકે કોઇ ચેક વટાવવા લખેલ હોય ત્યારે તે ચેક લખનારે કાયદેસરના લેણા પેટે લખેલ છે તેવું અનુમાન કરવાનું રહે છે અને આરોપીએ તે કાયદેસર લેણાં કે ચેક બાબતે પુરાવાથી વિરુદ્ધની હકીકત બાબતે ખંડન કરવાનું રહે છે. જેથી ફરિયાદીએ રજૂ રાખેલ પુરાવા અને ફરિયાદને ધ્યાને લેતાં આરોપીએ કાયદેસરના લેણાં પેટે ચેક આપેલાનું અનુમાન કરવામાં આવે છે. હવે ફરિયાદી કેસના અનુમાનને ખંડન કરવાની જવાબદારી આરોપીપક્ષ પર રહેલી છે. જે હાલના કેસમાં બચાવપક્ષે ખંડન કરેલ નથી.

**(૦૯)** આમ, ઉપર કરેલ સઘળી ચર્ચાના અંતે મારું માનવું છે કે, આરોપીપક્ષ પોતાનો બચાવ સફળ રીતે કરી શકેલ નથી કે ફરિયાદી તરફેના કાયદેસરના અનુમાનનું ખંડન થાય તેવો કોઈ બચાવ રેકર્ડ ઉપર લાવેલા નથી, અને ચેકમાં સહી આરોપીની નથી તેવો કોઇ બચાવ બચાવપક્ષે રજૂ રાખેલ નથી.

જેથી, **૨૦૧૦ (૩) ક્રાઈમ્સ (એસ.સી.) ૪૦, રંગપ્પા વિરુદ્ધ શ્રી મોહનના ચુકાદામાં નામદાર સુપ્રીમકોર્ટ** દ્વારા ઠરાવેલ છે કે, ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ ૧૮૮૧ ની કલમ-૧૩૮ હેઠળ ઈસ્યુ થયેલ ચેક કાયદેસરના દેવા કે જવાબદારી કે તેના ભાગ પેટે ઈસ્યુ કરેલાનું અનુમાન કરવાનું રહે છે અને તે અનુમાનનું ખંડન કરવાનો બોજો આરોપીના શીરે રહે છે. એકવાર જ્યારે ચેક આરોપીના ખાતાનો હોવાનું અને તેમાં

તેમની સહી હોવાનું આરોપી કબૂલ રાખે ત્યારે ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૯ હેઠળનું અનુમાન ફરિયાદી તરફેણમાં કરવાનું રહે છે. હાલના કેસમાં આરોપીએ, ફરિયાદીની તેમની પાસે કોઈ બાકી લેણી રકમ રહેતી નથી કે ફરિયાદીને જે ચેક આપવામાં આવેલ છે તે ચેક કોઈ દેવા કે જવાબદારી પેટે આપવામાં આવેલ નથી તેવો કોઈ ખંડનાત્મક પુરાવો લાવેલા નથી. તે જોતાં આરોપી પોતાની સામે પડેલ પુરાવાનું અને એક્ટની કલમ-૧૧૮ અને ૧૩૯ મુજબના અનુમાનોનું ખંડન કરી શકેલ નથી કે ખંડનાત્મક પુરાવો રજૂ કરી શકેલ નથી. તેથી મુદ્દા નં.૧ નો નિર્ણય "હકારમાં" આપી આરોપીને ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ મુજબના ગુના અન્વયે તકસીરવાન ઠરાવવામાં આવે છે. આ કેસમાં કાનૂની તથા હકીકતના ગુંચવણભર્યા પ્રશ્નોના કારણે હાથ પરના કેસને સમરી ટ્રાયલ ન ચલાવતા સમન્સ ટ્રાયેબલ મુજબ ચલાવેલ છે. સમન્સ ટ્રાયેબલ કેસોમાં આરોપીને સજા અંગે સાંભળવા જરૂરી નથી. તેમજ આરોપી છેલ્લા ઘણા સમયથી ગેરહાજર રહેતા હોય અને આરોપીની ગેરહાજરીને કારણે હાલનો કેસ પેન્ડિંગ રાખી શકાય નહીં. વધુમાં, આરોપીને કુદરતી ન્યાય-નીતિના સિદ્ધાંતોને ધ્યાને લેતાં સજા અંગે કોઈ રજૂઆત કરવી હોય કે ખુલાસો કરવો હોય તો આરોપીએ કેસમાં હાજર રહેવું જોઇએ જ્યારે આરોપી છેલ્લી ઘણી મુદતથી હાજર રહેલ નથી કે કેસને આગળ ચલાવવાનો પ્રયત્ન કરેલ ન હોય ત્યારે આરોપીની ગેરહાજરીમાં ચુકાદો આપવો ઇસ્ટ જણાતું હોય જેથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>આખરી હુકમ</u>**

**૧.** આ કામના આરોપી **પ્રતિભા સિલ્ક મિલ્સ ના પ્રોપ્રાઇટર પ્રભાકર હરેકિષ્ના નાયક**

રહે- શોપ નં. એલ.જી.૧૦૩, કોહીનુર ટેકક્ષ માકેટ, રીગ રોડ, સલાબતપુરા, સુરત. નાઓને બી.એન.એસ.એસ.ની કલમ-૨૭૮(૨) તથા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૫૫(૨) મુજબ ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ અન્વયે તકસીરવાન ઠરાવવામાં આવે છે અને આરોપીને ૧ વર્ષની સાદી કેદ તથા રૂ. ૧૦,૦૦૦/- દંડ કરવાનો હુકમ કરવામા આવે છે.

**૨.** આરોપી છેલ્લા ઘણા સમયથી કોર્ટ કાર્યવાહીમાં હાજર થયેલ નથી જેથી આરોપી ઉપર પકડ વોરંટ કાઢવાનો હુકમ કરવામાં આવે છે. આરોપી પકડ્યાથી ઉપરોક્ત હુકમનું પાલન કરવા સજાનું વોરંટ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**3.** રજિસ્ટ્રારશ્રી, પલસાણા કોર્ટનાઓને આદેશ કરવામાં આવે છે કે ફરિયાદમાં જણાવેલ સરનામે આરોપીને આ હુકમની એક નકલ સી.આર.પી.સી.ની કલમ-૩૬૧(૧) અન્વયે વિનામૂલ્યે ટપાલથી પૂરી પાડવી.

આજરોજ તારીખઃ ૧૨ માહેઃ માર્ચ સને ૨૦૨૬ ના રોજ આ હુકમ સહી કરી વાંચી સંભળાવી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૧૨ /૦૩ /૨૦૨૬
મુ.પલસાણા.

**(જે.જે.આહુજા)**
જ્યુડિ. મેજિ. ફર્સ્ટ ક્લાસ, પલસાણા.
U.I.Code No.GJ01436